# બી. એડ્. કોલેજના તાલીમાર્થીઓના મૂલ્યોનો અભ્યાસ

પીનલ બી. જોષી

## ૧. પ્રસ્તાવના

વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસને કારણે ભૌતિક સુખ મેળવવા માનવી પ્રયત્ન કરી રહ્યો છે. ભૌતિક સુખ મેળવવા માટે માનવી સ્વાર્થી બની ગયો છે તેથી પોતાને લાભ થાય તે રીતે વિચારવા લાગ્યો છે.તેથી ભ્રષ્ટાચારનું પ્રમાણ દિવસે દિવસે વધી રહ્યું છે. માનવીને સમાજમાં જીવવા માટે ઉત્તમ પ્રકારે રહેવા માટે અનેક પ્રકારના સદગુણો કેળવવા પડે છે. આ સદગુણો તેને જીવન દૃષ્ટિ આપે છે, જેમ શબ્દોમાંથી કાવ્યોનું સર્જન થાય છે, સ્વરમાંથી સંગીત જન્મે છે. લાકડામાંથી સુંદર ફર્નિચર તૈયાર થાય છે તેમ સદગુણોમાંથી ધર્મનું સર્જન થાય છે.

આજની ભૌતિક દુનિયામાં અનેક લાભો પ્રાપ્ત કરવા માનવીએ કેટલાક તત્વો ને નેવે મૂકી દીધા છે. પરિણામે માનવીય મૂલ્યોનો નાશ થતો જાય છે. ચોરી, ભ્રષ્ટાચાર ,હિંસા, અસત્ય બોલવું ,અન્યાય, ઝગડાઓ અને આતંકવાદી કૃત્યો એ આજે રોજિંદી ઘટના બની ગઈ છે.  મનુષ્ય જેમ જેમ ભૌતિકવાદી બનતો ગયો તેથી આજે એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે કે મૂલ્યની કટોકટીનો સામનો કરવો પડે છે. દા.ત. વસુદેવ કુટુંબકમ ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ મૂલ્ય કહેવાય, પરંતુ આજે લોકો કુટુંબમાં સાથે રહેવાનું સુખ-દુઃખમાં સાથીદાર બનવાનનું ઓછું પસંદ કરે છે.

વ્યક્તિ અને સમાજના ધોરણો ટકાવી રાખવા મૂલ્ય શિક્ષણ જરૂરી છે.  શિક્ષણનો ગર્ભિત હેતુ વ્યક્તિને મૂલ્યોની ઓળખ અને સમજ આપવાનો છે.  આજના સમયમાં મૂલ્યોનું ધોવાણ અટકાવવા અને  વ્યક્તિ કે સમાજના ધોરણો ને વર્તમાન સ્થિતિએ થી ઉંચા ઉઠાવવા માટે મૂલ્ય શિક્ષણ જરૂરી છે.  વ્યક્તિ અને સમાજના ઘડતરમાં શિક્ષણનો અપ્રતિમ ફાળો એ નિર્વિવાદ સ્વીકારાયો છે. આનો આધાર શિક્ષક પર છે. "મૂલ્ય એટલે કશુક ઉપયોગી, ગુણવત્તાવાળું, મહત્તમ મેળવવાને યોગ્ય મૂલવી શકાય છે".

મૂલ્યોમાં માનવીની રહેણીકરણી, માન્યતાઓ,વલણો,દ્રષ્ટિકોણ,આદર્શો અને ફિલસૂફીનો સમાવેશ થાય છે. મૂલ્યોને લગતા સંશોધનો અગાઉ ભાવનગર યુનિવર્સીટીના શિક્ષણશાસ્ત્ર ભવનમાં માર્ટિન બારૈયા,જાની દ્વારા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં નકુમ,હેરમાં દ્વારા હાથ ધરાયેલ હતા.ભાવનગર યુનિવર્સિટીના શિક્ષણશાસ્ત્ર ભવનમાં મૂલ્યો જાણવા અંગેના સંશોધનો અલ્પ પ્રમાણમાં થયેલ છે.વળી માધ્યમિક શિક્ષણ પ્રશિક્ષણાર્થીઓ એ ભવિષ્યના શિક્ષકો છે, તેને સમાજનું ઘડતર કરવાનું છે, તેના મૂલ્યો જાણવા જરૂરી છે. તેથી પ્રસ્તુત અભ્યાસ  માધ્યમિક તાલીમાર્થીઓના  મૂલ્ય અંગે હાથ ધરાયેલ છે.

## ૨. અભ્યાસના હેતુઓ

1. બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓનાં મૂલ્યો જાણવા.

2. બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓના મૂલ્યો અને વિદ્યાશાખા વચ્ચેનો સંબંધ તપાસવો.
3. બી.એડ્. કોલેજના પુરુષ તાલીમાર્થીઓના મૂલ્યો વચ્ચેના તફાવતનો અભ્યાસ કરવો.
4. બી.એડ્. કોલેજના સ્ત્રી તાલીમાર્થીઓના મૂલ્યો વચ્ચે તફાવત નો અભ્યાસ કરવો.
5. બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓના મૂલ્યો પણ જાતીયતા અને વિદ્યાશાખાની આંતરક્રિયાની અસર તપાસવી.

### ૩. અભ્યાસની ઉત્કલ્પનાઓ

$Ho_1$: તાલીમાર્થીઓના સૈદ્ધાંતિક, સૌંદર્યાત્મક, આર્થિક, રાજકીય, ધાર્મિક અને સામાજિક મૂલ્યોના સરેરાંશાકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

$Ho_2$: પુરુષ તાલીમાર્થીઓના શિક્ષક મૂલ્ય સંશોધનિકા પરના સૈદ્ધાંતિક મૂલ્યના સરેરાંશાકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં.

$Ho_3$: સ્ત્રી તાલીમાર્થીઓના શિક્ષક મૂલ્ય સંશોધનિકા પરના સૈદ્ધાંતિક મૂલ્યના સરેરાંશાકો અર્થસૂચક તફાવત નહીં હોય.

$Ho_4$: તાલીમાર્થીઓના શિક્ષક મૂલ્ય સંશોધનિકા પરના સૈદ્ધાંતિક મૂલ્યના સરેરાંશાકો સાથે તેમની જાતિયતા અને વિવિધ વિદ્યાશાખાનો આંતર ક્રિયાત્મક સબંધ સાર્થક નહીં હોય.

### ૪. અભ્યાસની ક્ષેત્ર મર્યાદા

1. પ્રસ્તુત અભ્યાસમાં સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન શ્રી પી.એમ.પટેલ કોલેજના તાલીમાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.
2. પ્રસ્તુત અભ્યાસમાં શ્રી પી.એમ. પટેલ કોલેજના 2019-20 શૈક્ષણિક વર્ષમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.
3. પ્રસ્તુત અભ્યાસમાં સરદાર પટેલ યુનિવર્સિટીની સ્વનિર્ભર શ્રી પી.એમ.પટેલ બી.એડ્. કોલેજનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

### ૫. અભ્યાસનું મહત્ત્વ

1. પ્રસ્તુત અભ્યાસ પરથી માધ્યમિક તાલીમાર્થીઓના મૂલ્યો જાણી શકાશે.
2. પ્રસ્તુત અભ્યાસ પરથી માધ્યમિક તાલીમાર્થીઓના મૂલ્યો પર જાતીયતા અને વિદ્યાશાખા જેવા ચાલોની અસર જાણવા મળશે તથા જાતીયતા અને વિદ્યાશાખાની આંતર ક્રિયાની અસર જાણવા મળશે.
3. આ ક્ષેત્રમાં ઘણા ઓછા સંશોધનો થયા હોય પ્રસ્તુત સંશોધન દ્વારા આ ક્ષેત્રમાં થનારા ભાવિ સંશોધનોને દિશાસૂચન મળશે.
4. આ સંશોધન દ્વારા જે પરિણામો પ્રાપ્ત થશે, તે ભાવિ શિક્ષકોના મૂલ્યોનું પ્રત્યારોપણ કરવામાં માર્ગદર્શક બનશે.

### ૬. મૂલ્ય એટલે શું?

- Oxford જોડણીકોશ મુજબ મૂલ્ય એટલે સાચું અને ખોટું કરવાની શક્તિ.

- જે અપેક્ષિત છે તે મૂલ્ય.
- જીવનરીતિમાં વણાયેલો વિવેક.
- મૂલ્ય એટલે પસંદગી નો નિયમ.
- મનોવૈજ્ઞાનિક,સામાજિક,નૈતિક કે સૌંદર્ય પરખતાને લક્ષમાં રાખીને માનવીની સારું નરસુ તારવવાની શક્તિ.
- મૂલ્ય એટલે કિંમત,દામ, મુલ,ભાવ, નીરખ વસ્તુનો ઉપયોગ અને તેને પેદા કરવામાં પડતી મહેનત પરથી બીજી વસ્તુઓની અદલા-બદલી થઇ શકે તે તેનું મૂલ્ય કહેવાય. ટૂંકમાં મૂલ્ય એટલે વસ્તુનું વિશે જે વસ્તુ સાથેનું અદલાબદલી નું પ્રમાણ.

**૭. મૂલ્યોના પ્રકારો**

વિવિધ ક્ષેત્રમાં તજ્જ્ઞોએ સત્ય ,શિવમ,સુંદરમ ત્રણ મહત્વના મૂલ્યો તરીકે ગણાવ્યા છે.

- ધર્મ તત્વ ચિંતકો મૂલયોનો બે પ્રકાર : સાધન અને સાધ્ય
- NCERT મુજબ 83 મૂલ્યો મહત્વના જણાવ્યા છે
- નૈતિક મૂલ્યો
- લોકશાહી મૂલ્યો
- વિજ્ઞાન મૂલ્યો
- બિનસાંપ્રદાયિક મૂલ્યો
- સામાજિક મૂલ્યો
- સહ અસ્તિત્વ મૂલ્યો

**૮. શબ્દની વ્યવહારુ વ્યાખ્યા**

***૮.૧ મૂલ્ય***

મૂલ્ય એટલે માન્યતા, મૂલ્યો એટલે વલણો. મૂલ્યો એટલે રીતિનીતિ.

***૮.૨ વિદ્યાશાખા***

વિજ્ઞાન વિનયન અને વાણિજ્ય તાલીમાર્થીઓ સમાવતી શાખાઓ.

**૯. સંશોધન યોજના**

***૯.૧ વ્યાપવિશ્વ અને નમુનાની પસંદગી***

પ્રસ્તુત અભ્યાસમાં સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓનો વ્યાપ-વિશ્વમાં સમાવેશ કરવામાં આવે છે. સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન શ્રી પી.એમ. પટેલ કોલેજના તાલીમાર્થીઓને યાદચ્છિક રીતે નમૂના માટે પસંદ કરવામાં આવ્યા હતા.

***૯.૨ ઉપકરણ***

પ્રસ્તુત અભ્યાસમાં સ્વરચિત મૂલ્ય સંશોધનિકા નો ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવેલ છે.

**૧૦. માહિતીનું એકત્રીકરણ**

શ્રી પી એમ પટેલ કોલેજ ઓફ્ એજ્યુકેશનમાં આચાર્યની અનુમતિ લીધા બાદ નિશ્ચિત તારીખ અને સમયે સંશોધક તાલીમાર્થીઓને માહિતી આપીને માહિતી એકત્રીકરણ કરવામાં આવેલ છે.

## ૧૧. અભ્યાસનાં તારણો

1. બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓમાં તાલીમાર્થીનું જતન થાય તેવી પ્રવૃત્તિઓનું આયોજન થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ.
2. બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓનો સામાજિક વિકાસ થાય તે માટે પ્રવાસનું આયોજન કરવું જોઈએ.
3. બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓમાં ધાર્મિક મૂલ્યોનું જતન થાય તે માટે ધાર્મિક પ્રવચનો ગોઠવવા જોઈએ.
4. બી.એડ્. કોલેજમાં તાલીમાર્થીઓમાં ધાર્મિક સ્થળોની મુલાકાતે લઈ જઈ શકાય તેવું આયોજન કરવું જોઈએ.
5. બી.એડ્. કોલેજમાં તાલીમાર્થીઓ ધાર્મિક પુસ્તકોનું વાંચન કરતા થાય તે માટે ધાર્મિક પુસ્તકોનું પ્રદર્શન ગોઠવવું જોઈએ.
6. બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓ માટે નિયમિત પ્રાર્થનાનું આયોજન કરવું જોઈએ.
7. બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓ માટે સહ અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ..

## સંદર્ભસૂચિ


1. ઉચાટ, ડી .એ. (2009). શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિ શાસ્ત્ર. પ્રથમ આવ્રુતિ
2. જાની,ન.(2004).શિક્ષક મૂલ્ય સંશોધનિકાનું ગુજરાતીમાં યથાર્થિકરણ.અપ્રકાશિત એમ.એડ્. લઘુશોધ નિબંધ, ભાવનગર યુનિવર્સીટી,ભાવનગર.
3. જોષી,હ. (1998). મૂલ્ય શિક્ષણ .રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સીટી
4. દેસાઇ, એચ. જી.(1997). સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ અમદાવાદ : યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય
5. દેસાઇ, કે .જી (1984). શૈક્ષણિક પરિભાષા અને વિભાવના અમદાવાદ : યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય


## પ્રશ્નાવલિ

### સામાન્ય માહિતી

તાલીમાર્થી નું નામ : જાતિયતા :
કોલેજ નું નામ : તારીખ :

### સૂચના

તાલીમાર્થીઓના મૂલ્યો જાણવા માટે કેટલાક વિધાનો આપવામાં આવ્યા છે . દરેક વિધાન બરાબર વાંચીને સમજો અને તેની સામે ખરાની કે ખોટાની નિશાની કરો

| ક્રમ | વિધાનો | નિશાની (ખરું ) | નિશાની (ખોટુ ) |
|---|---|---|---|
| 1 | હું શાળા નીતિનિયમોનું હંમેશા પાલન કરું છું. | | |
| 2 | મને ખર્ચ કરવાનું ખૂબ ગમે છે. | | |
| 3 | મને નિયમિત પ્રાર્થના કરવાનું ગમે છે. | | |
| 4 | મને મંદિરે જવાનું ગમતું નથી. | | |
| 5 | મને સમાજના રીતિ-રિવાજો મંજૂર નથી | | |

| | | | |
|---|---|---|---|
| 6 | મારી દ્રષ્ટિએ લગ્ન પાછળ થતો ખર્ચ બિન જરૂરી છે. | | |
| 7 | મને ધાર્મિક પુસ્તકો વાંચવાનું ગમે છે | | |
| 8 | મને નેતાગીરી કરવાનું ગમે છે. | | |
| 9 | માતા પિતાની આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને મારી જરૂરિયાતો સંતોષું છું. | | |
| 10 | હું સંપ્રદાયમાં માનતો નથી. | | |
| 11 | મને તૈયાર થવાનું ગમે છે. | | |
| 12 | મને જૂઠ્ઠું બોલવું પસંદ નથી. | | |
| 13 | મને હિંસા પસંદ નથી. | | |
| 14 | મને વડીલોનો આદર કરવાનો ખૂબ ગમે છે. | | |
| 15 | મને વડીલોની સેવા કરવાનું પસંદ છે. | | |
| 16 | મને પ્રમાણિક માણસો પસંદ છે. | | |
| 17 | હું સૌંદર્ય પાછળ થતો બિનજરૂરી ખર્ચ ટાળું છું. | | |
| 18 | મને નિષ્ઠાવાન માણસો પસંદ છે. | | |
| 19 | મને ધાર્મિક સ્થળોએ જવાનું પસંદ છે | | |
| 20 | મને ખોટો ખર્ચ પસંદ નથી. | | |